# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃતકોના અત્યાર સુધી 47 DNA મૅચ થયા – 24 જેટલા મૃતદેહ તેમના સ્વજનોને સોંપાયા

2) પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનાં અવસાન પર આવતીકાલે રાજકીય શોક જાહેર

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અગ્ર સચિવ પી. કે. મિશ્રાએ અમદાવાદ વિમાન દુર્ઘટનાસ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો

4) ગાંધીનગર FSL ખાતે DNA સૅમ્પલિંગથી મૅચિંગ સુધીની પ્રક્રિયા સતત 24 કલાક ચાલુ રહેશે.

5) રાજ્યના 825 કેન્દ્ર ખાતે શાંતિપૂર્ણ માહોલમાં LRDની લેખીત પરીક્ષા યોજાઈ.

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RELIEF COMMISSIONER ON PLANE CRASH

અમદાવાદ સિવિલ હૉસ્પિટલના ઍડિશનલ સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર રજનીશ પટેલે કહ્યું, અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 47 DNA મૅચ થયા છે. જ્યારે 44 પરિવારજનોને આ અંગેની જાણ કરવામાં આવી છે. તેમજ 24 જેટલા મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

(બાઈટઃ ડૉ. રજનીશ પટેલ, ઍડિશનલ સુપરિન્ટેન્ડન્ટ, સિવિલ હૉસ્પિટલ)

વિમાન દુર્ઘટનાના મૃતકોના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવાનું કામ આજથી શરૂ થયું છે. અત્યાર સુધી 22 મૃત્યુ પ્રમાણપત્ર બનાવી 22 પરિવારને તેમના મૃતદેહ સોંપાયા છે. મૃતકોના પરિવારજનોને મુશ્કેલી ન પડે તે માટે ઈન્શ્યોરન્સ સંબંધિત કામ માટે 22 ટીમ બનાવવામાં આવી છે. આ અંગે રાજ્યના રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ વધુ માહિતી આપી.

(બાઈટઃ આલોક કુમાર પાંડે, રાહત કમિશનર) (1.50- થી 2.20)

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં સંયુક્ત પત્રકાર પરિષદ કરીને ડૉક્ટર રજનીશ પટેલ, શ્રી પાંડે સહિતના અધિકારીઓએ માહિતી આપી હતી.

. . . . . . . . . . . . .

# MOURINING

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અવસાન પર રાજ્યમાં આવતીકાલે એક દિવસનો રાજકીય શોક જાહેર કરાયો છે. સોમવારે એટલે કે આવતીકાલે તમામ ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાશે. આવતીકાલે સાંજે રાજકીય સન્માન સાથે સ્વર્ગસ્થ વિજય રૂપાણીના અંતિમસંસ્કાર કરાશે.

. . . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL ON RUPANI

પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીના DNA નમૂના આજે મૅચ થઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટીની યાદી મુજબ , આવતીકાલે સવારે સાડા 11 વાગ્યે શ્રી રૂપાણીના પાર્થિવ દેહને અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાંથી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ બપોરે તેમના પાર્થિવ દેહને અમદાવાદથી રાજકોટ પહોંચાડવામાં આવશે. રાજકોટમાં સાંજે ચારથી પાંચ વાગ્યા સુધી સ્વર્ગીય રૂપાણીના નિવાસસ્થાને તેમના પાર્થિવ દેહને દર્શન માટે રાખવામાં આવશે. આ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# PK MISHRA AHMEDABAD VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અગ્રસચિવ પી. કે. મિશ્રાએ આજે અમદાવાદમાં વિમાન દુર્ઘટનાસ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો.

(વૉઈસકાસ્ટ- મયુર સોલંકી)

(રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અગ્રસચિવ પી. કે. મિશ્રાને સમગ્ર ઘટનાક્રમથી માહિતગાર કર્યા. દરમિયાન , વિમાન અકસ્માત તપાસ સંસ્થા- AAIBના અધિકારીએ પણ શ્રી મિશ્રાને તપાસ અને અન્ય મહત્વની જાણકારી આપી હતી. શ્રી મિશ્રાએ , હૉસ્ટેલની મૅસની પણ મુલાકાત લીધી. તેમણે ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. શ્રી મિશ્રાની મુલાકાત દરમિયાન રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી , મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, અમદાવાદના પોલીસ કમિશનર જી. એસ. મલિક ઉપસ્થિત રહ્યા હતા.

(મયુર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# HELP DESK

અમદાવાદ વિમાન દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના કાયદેસર વારસદારોને વીમા/દાવાની સહાય ચૂકવવા માટે હેલ્પડેસ્ક શરૂ કરાયા છે. સંબંધિત જિલ્લાના કલેક્ટર દ્વારા વિમાન દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના પરિવારજનોનો સંપર્ક કરી કાયદેસર વારસદારોને વીમા/દાવાની સહાય ચૂકવવા માટે સંબંધિત જિલ્લાનાં હિસાબી અધિકારી  અને  અન્ય અધિકારીઓની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વીમા કંપનીઓને મુસાફર યાદીના આધારે તથા અન્ય જરૂરી માહિતી પૂરી પાડીને ક્લેમ ઝડપથી પ્રોસેસ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# PLANE CRASH DNA SAMPLING

ગાંધીનગર ફૉરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે DNA સૅમ્પલિંગથી મૅચિંગ સુધીની પ્રક્રિયા સતત 24 કલાક ચાલુ છે. F.S.L.ના નિદેશક એચ. પી. સંઘવીએ અમદાવાદ વિમાન દુર્ઘટના મામલે DNA પ્રૉફાઈલિંગ અને મેચિંગની પ્રક્રિયા અંગે માહિતી આપતાં કહ્યું , DNAના નમૂના મેળવવાની મુખ્યત્વે બે પદ્ધતિ છે. એક પદ્ધતિમાં ફ્રેશ બ્લડમાંથી સેમ્પલ લેવાય છે. બીજી પદ્ધતિમાં મૃતકના અવશેષમાંથી સેમ્પલ લેવાય છે. મૃતકના અવશેષમાંથી લીધેલા નમૂનાને ચિવટતાથી સાફ કરાય છે, જેથી નમૂનામાં કોઈ બાહ્ય અશુદ્ધિઓ ન રહે.

શ્રી સંઘવીએ ઉમેર્યું , સમગ્ર પ્રક્રિયા બાદ પણ જો પૂરતી માત્રામાં DNAના એલિલ ન મળ્યા હોય તો સમગ્ર પ્રક્રિયા પુનઃ કરાય છે. આ રીતે પ્રાપ્ત થયેલ DNAના એલિલને મૃતકોના પરિવારજનોના DNAના એલિલ સાથે સરખાવવામાં આવે છે અને જો 23 DNA એલિલ(Allele) મેચ થાય ત્યારે જ મૃતક અને તેના પરિવારજનની સાચી ઓળખ થાય છે. જ્યારે પિતા-પુત્રના કિસ્સામાં ખાતરી કરવા માટે 'Y' ક્રોમોઝોમનું ટેસ્ટિંગ કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# LRD

પોલીસભરતી બોર્ડ દ્વારા આજે લોક રક્ષક દળના જવાનો માટે અમદાવાદ , વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગરમાં લેખિત પરીક્ષા લેવાઈ. વડોદરાના 125 કેન્દ્રો ઉપર આજે LRD માટેની લેખિત પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ , જેમાં બહારગામથી આવેલા 35 હજારથી વધુ લોકોએ પરીક્ષા આપી.

સાબરકાંઠા, બનાસકાંઠા અને સંતરામપુર જેવા વિસ્તારમાંથી આવેલા વિદ્યાર્થીઓ માટે પોલીસતંત્ર દ્વારા બસ અને રીક્ષા જેવી પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી સાથે આયોજિત આ પરીક્ષામાં કેટલાક પરીક્ષાર્થીઓને પેપર સહેલું તો , કેટલાકને અઘરું લાગ્યું. મોટા ભાગના વિદ્યાર્થીઓને પેપરમાં બંધારણના આર્ટીકલના સવાલ તથા ગણિત પ્રમાણમાં અઘરું લાગ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કુલ 2 લાખ 48 હજાર જેટલા ઉમેદવારોએ પરીક્ષા માટે અરજી કરી હતી. રાજ્યમાં કુલ 825 શાળાકેન્દ્રો ખાતે યોજાયેલી આ પરીક્ષા માટે ઉમેદવારોને બાયોમેટ્રિક અને સ્કેનિંગ કરી પ્રવેશ અપાયો.

. . . . . . . . . . . . .

# KHEDA SHRADDHANJALI

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ખેડાના 17 જેટલા પ્રવાસીના મોત થયા છે. નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો સાથે મુલાકાત કરી તેમને સાંત્વના પાઠવી હતી. તેમણે જણાવ્યું, રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે પરિવારજનોની મદદ માટે સક્રિય છે અને કલેક્ટર અને લાયઝન અધિકારીઓ આ પરિવારજનોના સંપર્કમાં છે. DNA ટેસ્ટ દ્વારા મૃતકોની ઓળખાણ થતા પાર્થિવ દેહ તેમના પરિવારજનોને સોંપી અંતિમ સંસ્કારની વિધિ પૂર્ણ કરાશે.

. . . . . . . . . . . . .

# BHARUCH YUVAK

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ભરૂચના યુવક ધ્રુવ ગજ્જરનો આબાદ બચાવ થયો છે. જંબુસરના મહાદેવનગર વિસ્તારના રહેવાસી અને MBBSના બીજા વર્ષમાં ભણતા ધ્રુવે જણાવ્યું , આ દુર્ઘટના સમયે તેઓ અમદાવાદમાં મિત્રો સાથે જમવા બેઠા હતા. દરમિયાન અચાનક જોરદાર અવાજ સંભળાયો અને તાત્કાલિક ધુમાડો જોવા મળ્યો. જીવ બચાવવા તેઓ તરત જ જમવાના ટૅબલ નીચે સંતાઈ ગયા. ત્યારબાદ તેઓ બિલ્ડીંગની બારીમાંથી કૂદીને સલામત સ્થળ પર જતા રહેતા તેમનો જીવ બચી ગયો હતો.

. . . . . . . . . . . . .

# Weather-1

રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં ક્યાંક છૂટોછવાયો તો ક્યાંક મૂશળધાર વરસાદ વરસ્યો.

કચ્છ જિલ્લાનાં રાપર તાલુકાનાં ગતરાત્રે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો, રાપર શહેરમાં રાત્રે બાર વાગ્યા બાદ માત્ર દોઢ જ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખબક્યો. આ સાથે બાલાસર, ખડીર  અને સુવઈ સહિતના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પણ અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો.

અરવલ્લીનાં વિવિધ વિસ્તારમાં મોડી રાત્રે ભારે પવન ફૂંકાતા કેટલાંક વિસ્તારોમાં વૃક્ષ ધારાશાયી થયા તો ક્યાંક વીજપોલ ધારાશાયી થયા. માલપુર પંથકમાં એક મકાનનું છાપરું હવામાં ફંગોવાયું. તો નાના-મોટા વાહનોને નુકસાન પહોચ્યું. ઘટનાની જાણ થતાં મોડાસા નગરપાલિકા ફાયર વિભાગ અને વિજ વિભાગના કર્મચારીઓએ રસ્તા અને વિજ પુરવઠો પુન : કાર્યરત કરવા તાજવીજ હાથ ધરી હતી. આ અંગે, ફાયર અધિકારી હેમરાજ સિંહ વાઘેલાએ માહિતી આપી.

(બાઈટ – હેમરાજ સિંહ વાઘેલા, ફાયર અધિકારી)

છોટાઉદેપુરના ઉંચાપાન ગામમાં વીજળી પડવાથી એક યુવાનનું મોત નિપજ્યું. તો અન્ય છ યુવાનોને ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયા જ્યારે ગામના ડુંગરી ફળિયામાં પણ વીજળી પડતા એક ભેંસનું મૃત્યુ નીપજ્યું.

. . . . . . . . . . . . .

# Weather-2

ડાંગ જિલ્લામાં આજે સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું, આહવા, સાપુતારા, અને તેના તળેટી વિસ્તારોમાં મૂશળધાર વરસાદ વરસ્યો હતો.

મહીસાગર જિલ્લામાં ગતરાત્રે ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. અસહ્ય ઉકળાટ બાદ વરસેલા વરસાદથી લુણાવાડા, પાસે આવેલા જેસીંગપુર ગામમાં એક મગર, જ્યારે લુણાવાડાની આયુષ હોસ્પીટલ ખાતે દોઢ ફૂટનો બીન ઝેરી સાપ રહેણાંક વિસ્તારોમાં આવી ગયા હતાં. આ મગર અને સાપને સુરક્ષિત રીતે મુક્ત કરાયાં.

સુરત શહેરમાં ગાજવીજ સાથે વરસાદ થતાં ઘોડદોડ રોડ વિસ્તારમાં વૃક્ષ ધારાશાયી થતાં ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા. અગ્નિશમન દળનાં કર્મચારીઓ દ્વારા વૃક્ષ હટાવવાની કામગીરી કરાઈ.

વલસાડમાં આજે સવારથી જ વરસાદી માહોલ સર્જાતા , તમામ તાલુકામાં વરસાદ નોંધાયો, જિલ્લા પૂર નિયંત્રણ વિભાગના જણાવ્યા મુજબ ઉમરગામ તાલુકામાં આજે દિવસ દરમિયાન અઢી ઇંચ જેટલો વરસાદ નોંધાયો , જ્યારે અન્ય તાલુકામાં છુટા-છવાયા ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

દ્વારકાનાં ખંભાળિયા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદનું આગમન થતાં ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ.

. . . . . . . . . . . . .